# ગાંધીનગરના જંગમાં આપ પાર્ટીએ સુરતના ૨૦૦થી વધુ કાર્યકરો ઉતાર્યા

**કાર્યકરો સાથે આવેલા સુરતના ૧૦થી વધુ કોર્પોરિટરો ચૂંટણી પ્રચાર માટે ઉમેદવારોને તાલીમ આપવા સાથે દરેક વોર્ડમાં ચૂંટણી સભા પણ સંબોધી રહ્યાં છે : ગાંધીનગરમાં જીત મેળવવાનો સુરતના વિપક્ષના નેતા ધર્મેશ ભંડેરીને વિશ્વાસ**

ગાંધીનગર તા. ૨૨

‘ગાંધીનગરમાં પણ આમ આદમી પાર્ટી સુરતની જેમ જ સ્થાનિક પ્રશ્નોના ઉકેલ સાથે તેમાં અમે ચોક્કસ સફળ રહીશું તેવો અમને નાગરિકો તરફથી પ્રતિસાદ મળી રહ્યો છે’ આ પ્રકારનો દાવો ગાંધીનગરમાં આપના પ્રચાર માટે આવેલા સુરત મહાનગરપાલિકાના વિરોધ પક્ષના નેતા ધર્મેશ ભંડેરીએ સે.૧૩માં ચુંટણી સભાના સમાપન બાદ ગાંધીનગર સમાચાર સાથે કરેલી વાતચીત દરમ્યાન કર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે ગાંધીનગર મહાનગર પાલિકાના ચૂંટણી જંગમાં આમ આદમી પાર્ટી દ્વારા સુરતના ૧૦થી વધુ કોર્પોરેટરને ફોજ ઉતારી દેવામાં આવી છે જે છેલ્લા એક સપ્તાહથી શહેરના મતદારોને ચૂંટણી સભા સંબોધી રહ્યાં છે અને સુરતમાં તેમણે કરેલા કાર્યોની માહિતી આપીને ગાંધીનગરમાં પણ તેજ રીતે પ્રમાણિકતાથી વિકાસ કાર્યો કરવાની બાંહેધરી આપી રહ્યાં છે. આ સાથે પ્રચારમાં આપને મળી રહેલો પ્રતિસાદ ભાજપ અને કૉંગ્રેસને ચિંતા કરાવી રહ્યો છે.

ગુજરાતમાં આમ આદમી પાર્ટીને સૌથી પહેલી નોંધપાત્ર સફળતા સુરત મહાનગર પાલિકામાં પ્રાપ્ત થઈ હતી જ્યાં તેના એકસાથે ૨૭ ઉમેદવારોએ જીત મેળવી વિરોધ પક્ષનું સ્થાન પ્રાપ્ત કર્યું છે. હવે ગાંધીનગર મહાનગર પાલિકામાં પણ સુરતની જેમ જ ભવ્ય જીત મેળવવા માટે આમ આદમી પાર્ટી દ્વારા સુરતના મનપાના વિરોધ પક્ષના નેતા ધર્મેશ ભંડેરી સહિત દસથી વધુ કોર્પોરેટ્સને ચૂંટણી પ્રચાર માટે ઉતારી દેવામાં આવ્યા છે. સુરતના આ કોર્પોરેટરો દ્વારા ગાંધીનગરના આમ આદમી પાર્ટીના યુવા ઉમેદવારોને કેવી રીતે પ્રચાર કરવો તેની પણ પદ્ધતિસર તાલીમ આપવામાં આવી રહી છે. ધર્મેશ ભંડેરીએ જણાવ્યું હતું કે આમ આદમી પાર્ટી દ્વારા સુરતમાં સ્થાનિક પ્રશ્નોને વાચા આપવામાં આવી હતી તે જ વ્યૂહરચના ગાંધીનગરમાં પણ અપનાવાઈ રહી છે અને સુરતની જેમ ગાંધીનગરમાં પણ આપ પાર્ટી દ્વારા ગેરન્ટી કાર્ડ આપવામાં આવ્યું છે. આ સાથે તેમણે જણાવ્યું હતું કે ગાંધીનગરમાં ચૂંટણીપ્રચાર દરમ્યાન તેમને મતદારો તરફથી ખૂબ જ પ્રોત્સાહક પ્રતિસાદ સાંપડી રહ્યો છે જે અનુસાર ગાંધીનગર મહાનગર પાલિકામાં પણ હવે નાગરિકો ભ્રષ્ટાચારી ભાજપની નીતિ રીતિને સમજી ચુક્યા છે જેને ફગાવીને આમ આદમી પાર્ટીને સ્પષ્ટ બહુમતી સાથે જીતાડશે તેવો અમને વિશ્વાસ છે.

આ સાથે તેમણે એમ પણ કહ્યું હતું કે જો આમ આદમી પાર્ટી ગાંધીનગરમાં સત્તામાં આવશે તો પાર્ટી દ્વારા જાહેર કરવામાં આવેલા ગેરન્ટી કાર્ડ અનુસાર દરેક વચનોને પૂરા કરવા ઉપરાંત આ પાર્ટીના કૉર્પોરેટર નાગરિકો પાસે સામે ચાલીને જશે અને તેમની સમસ્યાઓને સમજી તેને ઉકેલવા માટે પ્રયાસ કરશે.



## વરસતા વરસાદમાં પ્રચાર કરતો સુરતી દિવ્યાંગ કાર્યકર

ગાંધીનગરના માર્ગો પર વરસતાં વરસાદમાં આમ આદમી પાર્ટીના કાખમાં બગલઘોડી સાથે એક દિવ્યાંગ કાર્યકર પ્રચાર કરી રહયો હોવાનો વિડિયો ખૂબ વાઈરલ થયો છે, આ વિડિયો સુરત મહાનગર પાલિકાના વોર્ડ નં.૩ના આપના સંગઠન મંત્રી કિર્તિ પટેલનો છે જેઓ અહીં પ્રચાર માટે આવ્યાં છે.



## હજુ શનિ-રવિમાં સુરતથી વધુ એક હજાર કાર્યકરો આવશે

ગાંધીનગરમાં આમ આદમી પાર્ટીના પ્રચાર માટે આવેલા સુરતના વોર્ડ ન.૩ના કોર્પોરેટર કનુભાઈ ગેડીયાએ જણાવ્યુ હતુ કે આગામી શનિ રવિની રજાઓ દરમ્યાન સુરતથી વધુ ૧ હજાર જેટલાં કાર્યકરો આપના પ્રચાર માટે ગાંધીનગર આવી રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે કનુભાઈ ગેડીયા આપના એ કૉર્પોરેટર છે જેમણે સૌથી વધુ લીડથી સુરતમાં જીત મેળવી હતી અને તેમના મતે સુરતની જેમ ગાંધીનગરમાં પણ આપનું ગેરન્ટી કાર્ડ જ પાર્ટીને જીત અપાવશે.

## ખૂણેખાંચરેથી

- રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગે ગુજરાતને ફાળવવામાં આવેલા નવ આઈ.એ.એસ. અધિકારીઓની નિમણુંકના હુકમો જારી કર્યા છે.
- ગાંધીનગર જિલ્લા પંચાયતની મહિલા બાળ વિકાસ શાખામાં કચેરી અધિક્ષક તરીકે નિમાયેલા મીનાબેન પટેલ આજે હાજર થયા છે. તેઓ આ અગાઉ કલોલમાં એ.ટી.ડી.ઓ. તરીકે ફરજો બજાવતા હતા.
- ગાંધીનગર જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં સભ્યોને ફરાળી નાસ્તો આપવામાં આવ્યો હતો.
- જિલ્લા પંચાયતનો સભાખંડ નાનો પડતો હોવાથી ૪ સભ્યોને અધિકારીઓ અને મુલાકાતીઓ સાથે બેસાડવા પડ્યા હતા.
- ગાંધીનગર મહાનગર પાલિકાના કમિશનર ડૉ. ધવલ પટેલ અને તેમની ટીમ આજે સુઘડ, ભાટ, નભોઈના વિકાસ પામી રહેલા વિસ્તારોની સમીક્ષા કરશે.
- ‘‘આઝાદી કા અમૃત મહોત્સવ’’નું સમાપન ૨જી ઓક્ટો.ના રોજ થવાનું હોવાથી તેના આયોજન કરવાની તૈયારીઓ તંત્રએ આરંભી છે.
- જિલ્લામાં વાહકજન્ય રોગચાળાને નિયંત્રણમાં લેવા આયુર્વેદ શાખા દ્વારા દવા અને ઉકાળાઓનું વિતરણ કરવામાં આવશે.
- રાજ્યના પૂર્વ શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આજે રાષ્ટ્રીય સંત પદ્મસાગર સૂરીશ્વરજી મહારાજની મુલાકાત લઈ આશિષ મેળવ્યા હતા.

# અદાણી શાંતિગ્રામમાં તસ્કરોનો હાથફેરો, ૧૭ લાખથી વધુ મત્તાની ચોરી

**તસ્કરોએ ઘરમાંથી સોના-ચાંદીના દાગીના, લેપટોપ, એલઈડી ટીવી સહિત ૫.૫૦ લાખ રોકડા મળી કુલ ૧૭ લાખથી વધુ મત્તાની ચોરી કરી**

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર-સરખેજ માર્ગ પર અડાલજ નજીક આવેલા અદાણી શાંતિગ્રામ ખાતે ગતરાત્રીના સમયે પરિવાર સુઈ રહ્યો હતો તે સમયે બંગ્લોઝમાં પ્રવેશી તસ્કરોએ તરખાટ મચાવ્યો હતો. તસ્કરોએ ઘરમાંથી સોના-ચાંદીના દાગીના, લેપટોપ, એલઈડી ટીવી સહિત રૂ. ૫.૫૦ લાખ રોકડા મળી કુલ રૂ. ૧૭ લાખથી વધુ મત્તાની ચોરી કરી નાસી છુટ્યા છે. બનાવ અંગે અડાલજ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ગાંધીનગરથી અડાલજ તરફ જતાં અદાણી શાંતિગ્રામ નોર્થ પાર્ક મકાન નં. સી/૨૮ ખાતે રહેતા નિરવકુમાર રમેશચંદ્ર પટેલ રાયસણ ખાતે ઈન્ફોસેસ પ્રાઈવેટ લિમિટેડ નામની સોફટવેર કંપની ધરાવે છે. ગતરોજ રાત્રીના સાડા અગીયાર બાદ નિરવ જાની અને પરિવાર સુઈ ગયા હતા. આજે સવારે પોણા આઠ વાગે ઉઠ્યા હતા. તે સમયે ઘરમાં બનાવેલા મંદિરની આગળ મકાનની ચાવીઓ અસ્ત-વ્યસ્ત હાલતમાં પડી હતી. તેઓએ રસોડાનો દરવાજો પણ ખુલ્લો જોવા મળ્યો હતો અને રસોડાની બેગ ખુલ્લી હાલતમાં જોવા મળી હતી. આ બેગમાંથી રૂ. ૩.૬૦ લાખની ૮ તોલાની સોનાની બંગડીઓ, રૂ. ૧.૮૦ લાખની ૪ તોલા વજનની સોનાની સફેદ ડાયમંડવાળી બુટ્ટી, રૂ. ૯૦ હજારની કિંમતનું બે તોલા વજનનું સોનાનું મંગળસૂત્ર, રૂ. ૧૩,૫૦૦ ની કિંમતની બેબીની વીંટી, રૂ. ૪૫ હજારની સોનાની ચેઈન, રૂ. ૨૪૦૦ કિંમતના ચાંદીના સિક્કા, રૂ. ૧૫૦૦ ની ચાંદીની શેરો, રૂ. ૬ હજારનો લક્ષ્મી માતાના ફોટાવાળો ચાંદીનો સિક્કો, રૂ. ૪૦ હજારના બે લેપટોપ, રૂ. ૧૫ હજાર રોકડ ભરેલ લાકડાનો ગલ્લો, રૂ. ૩.૬૦ લાખની કિંમતનું એલઈડી ટીવી અને રોકડા રૂ. ૫.૫૦ લાખ મળી કુલ રૂ. ૧૭ લાખથી વધુની મત્તા ચોરી કરી તસ્કરો પલાયન થઈ ગયા છે. ઉપરાંત મકાન નં. સી/૪૩ મકાનમાંથી મોબાઈલ ચોરી કરી લઈ ગયા હતા. બનાવને પગલે અડાલજ પીઆઈ ડી.બી. વાળા તાત્કાલિક સ્થળ પર દોડી ગયા હતા. ફિંગરપ્રિન્ટ એક્સપર્ટ અને ડોગ સ્કવોડને બોલાવી તપાસ શરૂ કરી છે. જ્યારે તસ્કરો સીસીટીવી ફુટેજમાં કેદ થયા છે. અડાલજ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરી છે.

# કોવીડમાં ફરજ બજાવનાર ડોકટર્સ પ્રોત્સાહક રકમથી વંચિત

કોરોનાના કપરા સમયમાં કોવીડ ફરજ બજાવનાર ડોકટર્સ તેમજ કર્મચારીઓને રાજય સરકાર દ્વારા પ્રોત્સાહક રકમની જાહેરાત કરવામાં આવી હતી. ત્યારે સિવિલમાં ફરજ બજાવતા વર્ગ-૩ અને ૪ના અધિકારી-કર્મચારીઓને આ પ્રોત્સાહક રકમ મળી ગઈ છે. પરંતુ ગાંધીનગર સિવિલમાં કોવીડ વોર્ડમાં ફરજ બજાવનાર અંદાજીત ૭૦ ડોકટરને આ રકમ હજુ સુધી મળી નથી. ગાંધીનગર સિવિલ કેમ્પસમાં ૬૦૦ બેડની ઈમારતમાં કોવીડ હોસ્પિટલ ઉભી કરવામાં આવી હતી. આઠ માળ સુધી તમામ વોર્ડ કોરોના દર્દીઓથી ઉભરાતા હતા. હોસ્પિટલના ડોકટર્સ, અધિકારી-કર્મચારીઓ રાત દિવસ કામ કરતા હતા. હોસ્પિટલ બહાર એમ્બ્યુલન્સ અને દર્દીઓની લાંબી લાઈનો લાગતી હતી. કોરોના સમયમાં ૪૫૦ થી વધુ દર્દીઓ સારવાર લઈ રહ્યા હતા. ત્યારે કોરોનામાં ફરજ બજાવનાર અધિકારી-કર્મચારીઓને વન ટાઈમ પ્રોત્સાહક રકમ આપવાની જાહેરાત સરકાર દ્વારા થઈ હતી. ત્યારે ગાંધીનગર સિવિલમાં ફરજ બજાવતા અધિકારી-કર્મચારીઓને વન ટાઈમ પ્રોત્સાહક રકમ મળી ગઈ છે. પરંતુ તે સમયે કોવીડમાં ફરજ બજાવનાર ડોકટર્સને હજુ સુધી પ્રોત્સાહક રકમથી તેઓ વંચિત રહેવા પામ્યા છે. જેથી ડોકટર્સ આલમમાં પણ છુપો રોષ જોવા મળી રહ્યો છે.



**જૂની પેન્શન યોજના ફરી ચાલુ કરવાની માંગ કરતા પ્રાથમિક શિક્ષક સંઘના શિક્ષકો**

કલોલ તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા જૂની પેન્શન યોજના ફરી ચાલુ કરવા માટેની માંગ કરવામાં આવી છે. કલોલ તાલુકાના પ્રાથમિક શિક્ષકો અને ગાંધીનગર જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના મહામંત્રી જગદીશભાઈ સાથે રહી કલોલના ધારાસભ્ય બળદેવજી ઠાકોરને આવેદનપત્ર આપ્યું હતું.

## ગાંધીનગર જિલ્લાકક્ષાની નવરાત્રિ રાસ ગરબા સ્પર્ધા જોગ

ગાંધીનગર, તા. ૨૩

રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર, કમિશનરશ્રી યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર અને જિલ્લા યુવા વિકાસ અધિકારીની કચેરીના સંયુક્ત ઉપક્રમે ગાંધીનગર જિલ્લાકક્ષાની નવરાત્રિ રાસ ગરબા સ્પર્ધાનું આયોજન ઓકટોબર માસના પ્રથમ સપ્તાહમાં કરવામાં આવનાર છે. આ સ્પર્ધા શહેર અને ગ્રામ્યમાં યોજાશે. આ સ્પર્ધામાં રાસ, પ્રાચીન ગરબા અને અર્વાચીન ગરબા એમ કુલ-૩ સ્પર્ધા યોજાશે.

આ સ્પર્ધામાં રાસ માટે ૧૪ થી ૪૦ વર્ષની વયજૂથમાં આવતા વ્યક્તિઓ ભાગ લઈ શકશે. જયારે પ્રાચીન અને અર્વાચીન ગરબામાં ૧૪ થી ૩૫ વર્ષની વયજૂથમાં ભાગ લઈ શકશે. ભાગ લેવા ઈચ્છુક સ્પર્ધોએ જિલ્લા યુવા વિકાસ અધિકારી, જિલ્લા રમત ગમતની કચેરી, સહયોગ સંકુલ, સી-વિંગ્સ, છઠ્ઠો માળ, પ્રથિકાશ્રમ પાસે, ગાંધીનગર ખાતેથી નિયત નમૂનાનું ફોર્મ મેળવી તા. ૩૦ મી સપ્ટેમ્બર, ૨૦૨૧ સુધીમાં મોકલી આપવાના રહેશે, તેવું જિલ્લા યુવા વિકાસ અધિકારીએ જણાવ્યું છે.

# મુક્તિધામ પાસેની વસાહતમાં વોર્ડ નં. ૪ ભાજપના ઉમેદવારોની ખાટલા બેઠક

ગાંધીનગર તા.૨૩

ગાંધીનગર મહાનગર પાલિકાના ચૂંટણી જંગમાં રાજકીય પક્ષો દ્વારા ડોર ટુ ડોર પ્રચાર ખૂબ મહત્ત્વ આપવામાં આવી રહ્યું છે. ડોર ટુ ડોર પ્રચાર દરમિયાન ઉમેદવારો શહેરમાં શ્રમજીવી વસાહતોમાં છેવાડાના નાગરીકોને પણ મળીને તેમની સમસ્યાઓ જાણવા સાથે તેને ઉકેલવાની બાંહેધરી આપવા સહિત વિકાસના વચનો આપી પ્રચાર કરી રહ્યાં છે. આજે શહેરના વોર્ડ નં.૪માં ભાજપના ઉમેદવારોએ ઈન્દ્રોડા, પાલજ, બાસણ સહિત પેથાપુરના જીઈબી કોલોની પાસેના વિસ્તાર અને મુક્તિધામ સ્મશાન નજીકની શ્રમજીવી વસાહતમાં સઘન પ્રચાર કર્યો હતો.



આ પ્રચારમાં ભાજપના વોર્ડ નં.૪ના ઉમેદવારો જસપાલસિંહ બિહોલા, ભરતભાઈ દિક્ષીત, દક્ષાબેન મકવાણા અને સવિતાબેન ઠાકોર સહિત વોર્ડના કિસાન મોરચાના પ્રમુખ અરવિંદ ખાંટ, અગ્રણીઓ અમિત દેસાઈ અને અશોક મકવાણા ઉપરાંત જાણીતા ટીવી-ફિલ્મ-નાટ્ય કલાકાર એન.ચૌહાણ જોડાયાં હતા. સે.૩૦ના મુક્તિધામ સ્મશાન પાસેની વસાહતમાં ઉમેદવારોએ સ્થાનિક વડીલ વસાહતીઓ સાથે ખાટલાં બેઠક યોજીને તેમની વાત સાંભળી હતી. આ બેઠકમાં સ્થાનિકો તરફથી પ્રોત્સાહક પ્રતિસાદ સાંપડ્યો હતો.

# કારમાં કોપરના કેબલ અને બકરા સાથે એક શખ્સને પકડી પાડતી એલસીબી પોલીસ

**કેબલ ચોરીના ૯ ગુના અને ૧૪ બકરા ચોરીનો પણ ભેદ ઉકેલતી પોલીસ**

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર-ગોઝારીયા માર્ગ પર આવેલી ઘેધુ ચોકડી પાસેથી પુરપાટ ઝડપે જઈ રહેલી કારને આંતરીને એલસીબી પોલીસે એક શખ્સને દબોચી લીધો હતો. પોલીસે કારની અંદર તપાસ કરતા તેમાં બકરા તેમજ કોપરના વાયર મળી આવ્યા હતા. ઉપરાંત કેબલ ચોરીના ૯ ગુના તેમજ ૧૪ બકરાની ચોરી કરી હોવાનું સામે આવ્યું છે.

ગાંધીનગર એલસીબી-૧ પીઆઈ એચ.પી.ઝાલાના માર્ગદર્શન હેઠળ ટીમના સભ્યો પેટ્રોલીંગમાં હતા તે સમયે બાતમી મળી હતી કે મારૂતિ ફન્ટી નં. જી.જે.૦૧.એચ.એ.-૮૯૦૫ માં ચોરીના પશુ તેમજ કેબલ ચોરીના વાયર છે. જે કાર ઘેધુ ચોકડી થી નારદીપુર તરફ જવાની છે. બાતમીને પગલે પોલીસ ઘેધુ ચોકડી પાસે વોચમાં ગોઠવાઈ ગઈ હતી. બાતમીવાળી ઉપરોક્ત કાર પસાર થતા જ પકડી પાડી હતી. પોલીસે કાર ચાલકનું નામ પુછતા તેણે આદિલહુસેન જાકીરમીયા બેલીમ (રહે ગામ ઈટાદરા) હોવાનું જણાવ્યું હતું. પોલીસે ગાડીમાં તપાસ કરતા તેમાંથી ચાર પશુ (બકરા) તેમજ ડેકીમાં બે પ્લાસ્ટીકની થેલીમાં ચેક કરતા કોપરના જુના તાર મળી આવ્યા હતા. આદિલ હુસેનની ઉંડાણપૂર્વક પુછતાછ કરતા તેણેપોતાના મિત્ર કરણ વિનુજી સોલંકી (રહે.ગામ ઉનાવા) સાથે મળીને છેલ્લા બે વર્ષમાં કલોલ તાલુકા તેમજ માણસા વિસ્તારના વિવિધ સ્થળ પરથી રાત્રીના સમયે ખેતરમાંથી કેબલ વાયર ચોરી કરી હોવાનું કબુલાત કરી હતી. જયારે ગાડીમાં રહેલા પશુ અંગે પુછતા તેણે તેમજ એઝાજ અહેમદભાઈ શેખ ( રહે. મસ્જિદ ચોકની બાજુમાં ચાંદપુરા વડનગર) સાથે મળીને દોઢ માસ દરમિયાન ૧૪ જેટલા પશુ ચોરી કરી હોવાનું કબુલાત કરી હતી. પોલીસે ૪ પશુ (બકરા) કોપરના વાયરો તેમજ કાર મળીને રૂ.૧,૩૬,૯૫૦ નો મુદામાલ જપ્ત કરી તમામ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ




**પિતાજી આ વખતે વાસની જગ્યાએ વેક્સિન લાવ્યો છું તમારી માટે...!!**



બી.પી. કોલેજ ઓફ કમ્પ્યુટર સ્ટડીઝ બીસીએ અને એસ.વી. ઈન્સ્ટિટયુટ ઓફ કમ્પ્યુટર સ્ટડીઝના વિદ્યાર્થીઓ માટે મોટીવેશનલ વેબીનાર સિરીઝનું આયોજન કરવામાં આવ્યું હતું. કોલેજ દ્વારા કુલ ૩ વેબિનારનું આયોજન કરાયું હતું. જેમાં વિષય નિષ્ણાંત તરીકે જૈમિના કુલકર્ણીએ સેવા આપી હતી. આ વેબીનારનું આયોજન કોલેજના ડાયરેકટર રૂપેસ વ્યાસના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. જેમાં સેમેસ્ટર-૩ના ૨૮૭ કરતા વધારે વિદ્યાર્થીઓએ લાભ પ્રાપ્ત કર્યો હતો.

**ઓન લાઈન ટેન્ડર**
**જાહેર નિવિદા નં. એસકે / ૮ સને ૨૦૨૧-૨૨**

કાર્યપાલક ઈજનેર, માર્ગ અને મકાન વિભાગ, જોરાવર પેલેસ, પાલનપુર - ૩૮૫૦૦૧ ફોન નં. (૦૨૭૪૨) ૨૫૨૪૩૦ની કચેરીએથી રસ્તાને લગતુ એક કામ છે જેની અંદાજી રકમ રૂ. ૫૦.૦૦ લાખની છે. જેમાં બી’’ વર્ગ ખાસ કક્ષા-ııı (રસ્તા) અને ઉપરની શ્રેણીમાં નોધાયેલ આ કામના અનુભવી ઈજારદારો પાસેથી ઓન લાઈન ઈ-ટેન્ડરીંગ પધ્ધતિ ધ્વારા ટેન્ડરો માંગવામાં આવે છે. વિગતવાર નોટીસ વેબ સાઈટ http://rnb.nprocure.com ઉપર તા.૨૪/૦૯/૨૦૨૧ અને ત્યારબાદ જોઈ શકાશે, અને ડાઉન લોડ કરી શકાશે. હવે પછીના કોઈપણ સુધારા ઓન લાઈન જોઈ લેવાના રહેશે. ‘‘આ કામની વિગતો કામકાજના દિવસો દરમ્યાન ઉપરોકત કચેરીનો સંપક સાધવાથી મળી શકશે તથા નોટીસ માહિતી ખાતાની વેબસાઈટ www.statetenders.gujarat.gov.in પર પણ જોઈ શકાશે.
નં.નામાનિ/પાલન/૩૧૮/૨૦૨૧-૨૦૨૨

**ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદસ સંઘ લિ.**
મધુર ડેરી, ઈલેક્ટ્રોનીક્સ એસ્ટેટ,
સેક્ટર-૨૫, ‘ક’ રોડ, ગાંધીનગર-૩૮૨૦૨૪
ફોન નં.-૨૩૨૮૭૧૩૪ થી ૩૮, ફેક્સ નં. ૨૩૨૮૭૧૪૦

**મધુર મીઠાઈ પ્રોડક્શન માટે કાડુ ફાડા ટુકડા વ્હાઈટ (૨ પીસીસમાં) વેક્યુમ પેકીંગમાં સપ્લાય કરવા માટેની ટેન્ડર નોટીસ**

**ટેન્ડર નોટીસ**

ગાંધીનગર દૂધ સંઘ ખાતે દિવાળી તહેવારો માટે મધુર મીઠાઈ ઉત્પાદનમાં વપરાતા કાજુ ફાડા ટુકડા વ્હાઈટ (૨ પીસીસમાં) વેક્યુમ પેકીંગમાં (Csshew nut FADA vacuum Packing) સપ્લાય કરવાના ભાવ ઓફર મંગાવવામાં આવે છે. તો રસ ધરાવતા ઈસમોએ ઉપરોક્ત કાજુ ફાડા ટુકડા વ્હાઈટ (૨ પીસીસમાં) વેક્યુમ પેકીંગમાં અંદાજીત ૪,૦૦૦ કીલો સપ્લાય કરવા માટેના ભાવ ભરવા માટેનું ટેન્ડર રૂ. ૫૦૦/- (નોન રીફંડેબલ) સંસ્થાના હિસાબી શાખામાં રોકડા ભર્યેથી ટેન્ડર ફોર્મ જાહેરાત પ્રસિદ્ધ થયાની તારીખથી તા. ૩૦/૯/૨૦૨૧ સુધી ઓફીસ સમય દરમિયાન ૧૫-૦૦ સુધી મેળવી શકાશે. અને ભરેલા સીલબંધ ટેન્ડર ફોર્મ અર્નેસ્ટમની ડીપોઝીટ રૂ. ૨૫,૦૦૦/-ના (રીફંડેબલ) ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. નામનો ડી.ડી. સાથે તા. ૩૦/૯/૨૦૨૧ના રોજ ૧૬-૦૦ સુધી પહોંચડાવનું રહેશે. સમય મર્યાદા બાદ અને ઈ.એમ.ડી. સિવાયના આવેલ સીલબંધ ટેન્ડર કોઈપણ સંજોગોમાં સ્વીકારવામાં આવશે નહિ અને માન્ય રાખવામાં આવશે નહિ. દરેક ટેન્ડર કે ટેન્ડરમાંના ભાવ / ઓફર સ્વીકારવી કે નહિ તેનો અબાધિત અધિકાર સંસ્થાના મેનેજીંગ ડીરેક્ટરશ્રીનો રહેશે.

**સહી/-**
**મેનેજીંગ ડીરેક્ટરશ્રી**

GMU
GUJARAT MARITIME UNIVERSITY
GNLU Campus, Guru Bhavan, Koba, Gandhinagar - 382426, Gujarat
Email: phd@gmu.edu.in, Website: www.gmu.edu.in Phone: 079-23270500
Adv. Ref. No: GMU/Ph.D./01/2021
Admission Notification
Doctor of Philosophy (Ph.D.)
for the Academic Year 2021-22
Applications are invited from eligible candidates for admission to Ph.D. programme in the areas of Law and Management. For detailed admission notification, requirements and eligibility criteria, visit the website www.gmu.edu.in
-Registrar

**ટચુકડી જાહેર ખબર દર રવિવારે**
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧